# આશા ગુમાવશો નહીં!



આશિષ રાયચૂર

**ફક્ત મફત વહેચણી માટે**
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરિચ, બેંગ્લોર, ઈંડિયા દ્વારા છાપણી અને વહેંચણી
અત્યારની પ્રત: 2025

**માહિતી માટે સંપર્ક કરો**
All Peoples Church & World Outreach
#319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

ફોન: +91-80-25452617
ઈમેલ: **bookrequest@apcwo.org**
વેબસાઈટ: **apcwo.org**

પ્રત્યેક વચન એ પવિત્ર બાઇબલ O. V Reference માથી લીધેલ છે. Copyright @ The Bible Society Of India (BSI). બાઇબલની વ્યાખ્યાઓ, હિબ્રૂ અને યુનાની શબ્દો અને તેના અર્થ પવિત્ર શાસ્ત્રમાંથી લીધેલા છે.

**આર્થિક ભાગીદારી માટે**

આ પ્રકાશનોની મફત વહેંચણી ઓલ પીપલ્સ ચર્ચ ના સદસ્યો, મિત્રો અને ઉદાર દાનવીરો દ્વારા આપવામાં આવેલા દાનો દ્વારા શક્ય બનેલું છે. જો તમે આ મફત પ્રકાશનથી આશીર્વાદ પામ્યા છો તો અમે તમને ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા મફત પ્રકાશનોને છાપવામાં અને વહેંચણી કરવામાં તમારા આર્થિક સહયોગને આપવામાટે નિમંત્રણ આપીએ છીએ. મહેરબાની કરીને તમે **apcwo.org/give** ની મુલાકાત કરો અને "ઓલ પીપલ્સ ચર્ચની સાથે પાર્ટનર" ઉપર ક્લિક કરો. આ પુસ્તકના પાછળના પાન ઉપર તમે તમારો આર્થિક સહયોગ કેવી રીતે કરી શકો તે લખેલું છે. તમારો આભાર!

**મફત સામગ્રી અને તેના અનુસંધાનમાં વેબસાઇટ**
**સંદેશાઓને માટે**: apcwo.org/sermons|**પુસ્તકો**: apcwo.org/books
**ચર્ચની એપ**: apcwo.org/app | **બાઇબલ કોલેજ**: apcbiblecollege.org
**ઈ-લર્નિંગ**: apcbiblecollege.org/elearn | **કાઉન્સીલિંગ**: chrysalislife.org
**સંગીત**: apcmusic.org | **સેવકોની સંગતી**: pamfi.org
**એપીસી જાગતિક મિશન**: apcworldmissions.org

(Gujarati–Don't Lose Hope)

# આશા ગુમાવશો નહીં!

# અનુક્રમણિકા


1. જીવન હંમેશા સરળ નથી હોતું 1

2. આશા—ખ્રિસ્તી જીવનનો આવશ્યક હિસ્સો 3

3. આશાનું મહત્વ 5

4. ઈશ્વર આશાવિહીન પરિસ્થિતીને બદલી નાંખે છે 8

5. આશાવિહીન પરિસ્થિતીમાં આશા રાખવાનો આધાર 13

6. આશાવિહીન પરિસ્થિતિની મધ્યમાં મારે શું કરવું? 19

# 1
# જીવન હંમેશા સરળ નથી હોતું

આપણે બધા ઘણાં બધાં સ્વપ્નો, લક્ષ્યો, મહત્વાકાંક્ષાઓ અને આકાંક્ષાઓ સાથે જીવનયાત્રાની શરૂઆત કરીએ છીએ. ઘણી ઉત્સુકતાથી જીવનમાં આપણે શું બનવું છે, ક્યાં જવું છે, શું પ્રાપ્ત કરવું છે વગેરે માટે આપણે આયોજન કરીએ છીએ. પરતું જીવનયાત્રા દરમ્યાન, ક્યાંક, આપણે તોફાનો અને પડકારોનો સામનો કરવો પડે છે. જીવન હંમેશા સરળ નથી હોતું. આપણે હંમેશા એવું ઈચ્છીએ છીએ કે જીવન કોઈ વાર્તા સમાન સરળ અને સીધું હોય તો કેવું સારું, પરંતુ હંમેશા આવું બનતું નથી! અણધાર્યા પડકારો, મુશ્કેલીઓ અને સંજોગો જીવનયાત્રામાં આવી ચઢે છે. આ પ્રકારની સ્થિતિમાં આપણાં સ્વપનો અને લક્ષ્યો જાણે કે સરકી જતાં હોય એવું લાગે છે. ઘણીવાર, આપણે આપણી જાતને તદ્દન આશાવિહીન પરિસ્થિતિમાં હોય તેવો અનુભવ કરીએ છીએ. આપણે આશા ગુમાવતાં જઈએ છીએ. આપણને લાગે છે કે હવે પૂરું થઈ ગયું. આપણે વિચારવાનું શરૂ કરીએ છીએ કે, “હવે મારાથી આ ક્યારેય નહીં થઈ શકે” અથવા “હું મારા લક્ષ્યને ક્યારેય પ્રાપ્ત નહીં કરી શકું.” આપણે હતાશ થઈ જઈએ છીએ કે આપણા લક્ષ્યને ક્યારેય પ્રાપ્ત કરી શકીશું નહીં.

ક્યારેક, જીંદગી અણધારી રીતે વળાંક લે છે, અને એવા સંજોગોને માટે આપણે તૈયાર નથી હોતા. આપણને લાગે કે હવે બધુ પૂરું થઈ ગયું છે અને પાછા ફરવા માટે કોઈ દિશા દેખાતી નથી. આ પુસ્તકનાં વાચકો પૈકી કોઈક, બની શકે કે તમે કોઈ આશાવિહીન પરિસ્થિતિનો સામનો કરી રહ્યા હશો. આ ઘટના કદાચ તમારી નોકરી, કારકિર્દી, અભ્યાસ, ઘર, કુટુંબ કે લગ્નજીવન સબંધી હોય શકે. ઘણીબધી બાબતો જીવનમાં

ખોટી રીતે બની હશે. પરંતુ, હું તમને ઉત્તેજન આપવા માંગુ છું કે બાઈબલના ઈશ્વર મૃત્યુ પામેલાને જીવન આપવામાં અને જે સ્થિતિ અને સંજોગ તદ્દન મૃત:પાય અને આશાવિહીન હોય છે તેને જીવંત કરવામાં નિપુણ છે, તે ઈશ્વર આશાવિહીન સ્થિતિને બદલી નાંખવામાં નિષ્ણાત છે. આમેન! જો આ ઈશ્વર તમારે પક્ષે છે તો તમે આશા વિરુદ્ધ આશા કેળવી શકો છો. જ્યારે બધું જ આશાવિહીન લાગતું હોય ત્યારે તમે વિજયી બની શકો છો. આ પુસ્તક ઉત્તેજનના સરળ શબ્દો લઈને આપણી સમક્ષ પ્રસ્તુત થાય છે. આશા ન ગુમાવવા આપણને ઉપદેશ આપે છે.

## આશા રાખવાનું મહત્વ

આશા રાખવી અત્યંત જરૂરી છે. આપણે માટે “આશા”, એટલે ધારણા, અપેક્ષા, કશાક્ની રાહ જોવી, ઈચ્છા રાખવી, સ્વપ્ન જોવું કે આકાંક્ષા રાખવી. ખ્રિસ્તી જીવનનું ખૂબ જ અગત્યનું પાસું આશા છે. ખ્રિસ્તી જીવન માટે મહત્વની ત્રણ બાબતો બાઈબલ વર્ણવે છે; જે પૈકીની એક બાબત એટલે આશા.

**1 કરિંથીઓને પત્ર 13:13**
**હવે વિશ્વાસ, આશા તથા પ્રેમ એ ત્રણે ટકી રહે છે; પણ તેઓમાં પ્રેમ શ્રેષ્ઠ છે.**

# 2
# આશા—ખ્રિસ્તી જીવનનો આવશ્યક હિસ્સો

વિશ્વાસીઓ તરીકે, આપણે આશા રાખીએ છીએ કે હજી ઘણી બાબતો બનવાની છે.

## અનંત જીવનની આશા

**તિતસને પત્ર 1:2**
**અનંતજીવન વિષેનું જે વચન,જે ઈશ્વર કદી જૂઠું બોલી શકતા નથી તેમણે અનાદિકાળથી આપ્યું, તે [અનંતજીવન] ની આશામાં,**

આપણે અનંતજીવન માટે આશા રાખીએ છીએ. જો કે અનંતજીવન તો આત્માને લગતી બાબત છે, છતાં આપણે અનંતજીવનની આશા રાખીએ છીએ.

## મહિમાની આશા

**કલોસીઓને પત્ર 1:27**
**વિદેશીઓમાં તે મર્મના મહિમાની સંપત શી છે, તે તેઓને જણાવવા ઈશ્વરે ચાહયું. તે [મર્મ] એ છે કે તમારામાં ખ્રિસ્ત મહિમાની આશા છે.**

આપણામાં ખ્રિસ્ત મહિમાની આશા છે. આવનાર જગત, જે વર્તમાન જગત કરતાં અનેક દરજ્જે વધુ સારું છે, તેમાં ખ્રિસ્ત આપણે માટે આશા છે. આપણને સ્વર્ગમાં ખ્રિસ્ત સાથે રહેવા મળવાનું છે તેને માટે આશાવાદી છીએ.

## તારણની આશા

**1 થેસ્સાલોનિકીઓને પત્ર 5:8**
**પણ આપણે દિવસના છીએ, માટે વિશ્વાસનું તથા પ્રેમનું બખતર, અને તારણની આશાનો ટોપ પહેરીને સાવધ રહીએ.**

**1 પિતરનો પત્ર 1:7-9**

**[7] જેથી તમારા વિશ્વાસની પરીક્ષા જે અગ્નિથી પરખાયેલા નાશવંત સોના કરતાં બહુ મૂલ્યવાન છે તે ઈસુ ખ્રિસ્તના પ્રગટ થવાને સમયે સ્તુતિ, માન તથા મહિમા યોગ્ય થાય:**

**[8] તેમને ન જોયા છતાં પણ તમે તેમના પર પ્રેમ રાખો છો. હમણાં જો કે તમે તેમને જોતા નથી, તોપણ તેમના પર વિશ્વાસ રાખો છો. તમે તેમનામાં અવાચ્ય તથા મહિમાથી ભરપૂર આનંદથી હરખાઓ છો.**

**[9] અને તમે તમારા વિશ્વાસનું ફળ, એટલે તમારા આત્માઓનું તારણ પામો છો.**

જ્યારે તારણની શરૂઆત થાય છે, ત્યારે આપણાં તારણનો એક ભાગ એવો પણ છે જેની આપણે રાહ જોઈએ છીએ.

## ખ્રિસ્તના પુનરાગમનની આશા

**તિતસને પત્ર 2:13**

**અને ધન્ય આશાપ્રાપ્તિની [ઘડીની], અને મહાન ઈશ્વર તથા આપણા તારનાર ઈસુ ખ્રિસ્તના મહિમાના પ્રગટ થવાની રાહ જોવી.**

## પુનરુત્થાનની આશા

**પ્રેરિતોનાં કૃત્યો 24:15**

**ન્યાયીઓ તથા અન્યાયીઓનું પુનરુત્થાન થશે, એવી જેમ તેઓ પોતે આશા રાખે છે, તેમ હું પણ ઈશ્વર વિષે આશા રાખું છું.**

# 3
# આશાનું મહત્વ

આપણાં દૈનિક જીવનોમાં આશા હોવી ખૂબ જ મહત્વનુ છે. આશાવિહીન પરિસ્થિતિમાં પણ આપણે આશાથી ભરપૂર લોકો જ હોવા જોઈએ. આશા રાખવી કેમ અનિવાર્ય છે તેને માટેના કેટલાક કારણો છે.

## વિલંબિત આશા અંતરમનને નબળું બનાવે છે

**નીતિવચનો 13:12**

**આશા[નું ફળ મળવામાં] વિલંબ થયાથી અંતઃકરણ ઝૂરે છે; પણ ઇચ્છાનું ફળ મળે છે ત્યારે તે જીવનવૃક્ષ છે.**

ક્યારેક, જે બાબતો વિષે આપણે આશા રાખીએ છીએ તેમાં વિલંબ થાય છે. આપણે અપેક્ષા રાખીએ છીએ કે કોઈ ચોક્કસ બાબત કોઈ ચોક્કસ વર્ષે જ પૂર્ણ થાય, પરંતુ વર્ષના અંતે પણ તે બાબત પૂર્ણ થતી નથી. આપણે આપણી જાતને કહીએ છીએ કે કદાચ તે કામ આવનાર વર્ષે પૂરું થશે અને બીજા વર્ષે પણ તે કામ પૂરું થતું નથી. જે બાબત માટે આશા રાખી છે તેમાં વિલંબ થવાથી, આપણું અંતરમન સંપૂર્ણપણે આશા ગુમાવે છે અને નબળું પડી જાય છે. બીજી તરફ, જ્યારે આપણી આશા પરિપૂર્ણ થાય છે ત્યારે, તે જીવનવૃક્ષ સમાન બની જાય છે. તે આપણને સ્ફૂર્તિ અને તાજગી આપે છે. આપણે તાજગીસભર અને નવીનતા અનુભવીએ છીએ. આપણો વિશ્વાસ વૃદ્ધિ પામે છે. આપણે પ્રેરણાસભર થઈને આગળ વધીએ છીએ.

## આશા એ આત્માનું લંગર છે

**હિબ્રૂઓને પત્ર 6:19**

**તે આશા આપણાં આત્માને માટે લંગર સરખી,...**

આશા એ આત્માનું લંગર છે. “આત્મા” શબ્દ મન, ઈચ્છા અને લાગણીના સંદર્ભમાં દર્શાવવામાં આવ્યો છે. આત્મા માટે આશા કેવા પ્રકારનું કાર્ય કરે છે તે સમજાવવા માટે જહાજમાંથી જેમ લંગર નાંખવામાં આવે છે તેની સામ્યતા દર્શાવવામાટે ઉપયોગમાં લેવામાં આવ્યું છે. જ્યારે જહાજમાથી લંગરને સમુદ્રમાં નાંખવામાં આવે છે ત્યારે તોફાન મધ્યે પણ જહાજ સ્થિર અને સલામત બની જાય છે. બાઇબલ જણાવે છે કે *આશા આત્માનું લંગર છે*. તેનો અર્થ એવો થાય છે કે જો મને આશા નથી તો મારો આત્મા-મારુ મન, મારી ઈચ્છા, લાગણી, મારુ જ્ઞાન-મુશ્કેલ સ્થિતિમાં સ્થિર અને દ્રઢ રહી શકતા નથી. જ્યારે વ્યક્તિ સંપૂર્ણપણે આશા ગુમાવે છે ત્યારે જીવનનું તોફાન વધુ મજબૂત બનીને આપણાં પર સવાર થાય છે. તે વ્યક્તિ હતાશ અને નિરાશ થઈને સરળતાથી જીવનની લડાઈ હારી જાય છે. તે એવું વિચારે છે હવે જીવવા માટે કોઈ કારણ બચ્યું નથી. નિરાશાજનક વિચારો, “કોઈ મારી કાળજી લેતું નથી”, “બધું જ ઉલટું થઈ રહ્યું છે”, “હવે કશું જ ખરું થઈ શકે તેમ નથી” વિગેરેનું ઘોડાપૂર તે વ્યક્તિના મનમાં ચઢી આવે છે. એવી ક્ષણે, ઘણાં આત્મહત્યા કરી બેસે છે. તેથી, એ અનિવાર્ય છે કે જીવનના અત્યંત મુશ્કેલ સમયમાં પણ ક્યારેય આશા ગુમાવવી નહીં. આશા આત્માનું લંગર છે.

## આશા એ વિશ્વાસનો પુરોગામી છે

**હિબ્રૂઓને પત્ર 11:1**
**હવે વિશ્વાસ તો જે વસ્તુઓની આશા આપણે રાખીએ છીએ તેની ખાતરી છે, અને અદ્રશ્ય વસ્તુઓની સાબિતી છે.**

આશાનું મહત્વ છે કારણ કે વિશ્વાસ આશા પર જ નિર્ભર છે. આશા વિશ્વાસ કરતાં આગળ છે. જ્યારે આપણને આશા હોય છે ત્યારે જ આપણે વિશ્વાસ કરીએ છીએ. દાખલા તરીકે કોઈ વ્યક્તિ મરણતોલ બીમાર છે અને ડોક્ટર્સ કહે છે કે મેડિકલ વિજ્ઞાન હવે કોઈ મદદ કરી શકે એમ નથી બીમાર વ્યક્તિ થોડા દિવસ માંડ જીવી શકશે. સ્વાભાવિક છે કે મોટાભાગના લોકો આ

સ્થિતિમાં આશા ગુમાવી દેતા હોય છે. બીમાર વ્યક્તિની અંતિમ ક્ષણોનું દ્રશ્ય, તેના મગજને અંતિમ શબ્દો અને અંતિમક્રિયાના વિચારોથી ભરી દે છે. જ્યારે વ્યક્તિ આશા ગુમાવી બેસે છે, ત્યારે વિશ્વાસ પણ કામ કરતો નથી કારણ કે *"વિશ્વાસ તો જે વસ્તુઓની આશા આપણે રાખીએ છીએ"* જ્યારે વ્યક્તિ સાજા થવાની આશા છોડી દે છે ત્યારે ઈશ્વર તરફથી સાજાપણુ મળશે એવો વિશ્વાસ રાખવાનું મુશ્કેલ બની જાય છે. ઈશ્વર પર વિશ્વાસ રાખવા માટે આશા હોવી પૂર્વશરત છે. બીમાર વ્યક્તિએ ઓછામાં ઓછું પોતાની જાતે મરણ પથારીએથી ઊભા થઈને ચાલવાનો પ્રયત્ન કરવાની કલ્પના તો કરવી જ જોઈએ. જોકે ડોક્ટર્સે આશા ગુમાવી દીધી હોવા છતાં, બીમાર વ્યક્તિએ તો આશા રાખવી જ જોઈએ કે આકાશમાંના ઈશ્વર સાજાપણું આપી શકે છે અને આપવા માંગે પણ છે. સંપૂર્ણ સાજાપણાની આશા વિશ્વાસને સાજાપણું લાવવાનું બળ પૂરું પાડે છે.

# 4
# ઈશ્વર આશાવિહીન પરિસ્થિતીને બદલી નાંખે છે

આપણે એ સમજવાની જરૂર છે કે આપણે ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં હોઈએ, પરિસ્થિતી ગમે તેવી નિરાશાજનક કેમ ન હોય, પણ ઈશ્વર કોઈપણ આશાવિહીન પરિસ્થિતિને બદલી નાંખવામાં નિપુણ છે. આમેન! બની શકે કે તમે લગ્નજીવન સબંધી, નોકરી સબંધી, બાળકો સબંધી, નાણાં કે વ્યવસાય સબંધે, અભ્યાસ કે અન્ય કોઈ નિરાશાજનક પરિસ્થિતીમાં છો. પરિસ્થિતી ભલે ગમે તેવી વિકટ હોય, માત્ર એ તથ્ય પર જ ધ્યાન કેન્દ્રિત કરો કે આપણે એવા ઈશ્વરની સેવા કરીએ છીએ જે ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિને પણ બદલી શકે છે. આ જ કારણ છે કે આપણે આશા ગુમાવવી જોઈએ નહીં. આવો આપણે બાઇબલમાથી એવા કેટલાક ઉદાહરણો જોઈએ જ્યાં ઈશ્વરે આશાવિહીન પરિસ્થિતિને બદલી નાંખી છે.

## ગરીબ વિધવા

બે દીકરાઓ અને ઘણુંબધું દેવું માથે છોડીને સ્ત્રીનો પતિ મરણ પામ્યો (2 રાજાઓ 4:1-7) તેનો દાખલો જોઈએ. લેણદારો નાણાંની ઉઘરાણી કરવા માટે આવ્યા અને દીકરાઓને લઈ જવાની ધમકી આપવા લાગ્યા. ખરેખર, આ સ્ત્રીની પરિસ્થિતી ઘણી જ નિરાશાજનક હતી. આ વિધવા પ્રભુના સેવક એલિશા પાસે ગઈ, અને પોતાની આપવીતી જણાવીને મદદ માંગી. એલિશાએ તેને પૂછ્યું કે તેની પાસે ઘરમાં શું છે. તેણીએ જવાબ આપ્યો કે તેની પાસે તેલની એક બરણી છે. એલિશા તેને જણાવે છે કે ઘરમાં જેટલા વાસણ છે તે દરેકમાં તેલ ભરવાનું શરૂ કરે. ચમત્કારિક રીતે, તેલ ઉભરાઇ ગયું અને બધા વાસણો છલોછલ ભરાઈ ગયા. ત્યારબાદ એલિશા તેને

જણાવે છે કે આ તેલ વેચીને તારા કરજદારોનું દેવું ચૂકવી આપ અને નવેસરથી જીવવાનું શરૂ કર. ઈશ્વરે ચમત્કારિક રીતે આ વિધવાની જરૂરિયાત પૂરી પાડીને નિરાશાજનક પરિસ્થિતિને મહાન આશામાં બદલી નાંખી.

## લગ્ન જમણમાં ચમત્કાર

યજમાનને ત્યાં લગ્ન જમણમાં દ્રાક્ષારસની અછત ઊભી થઈ- અછતની એક બહુ સામાન્ય સ્થિતિ છતાં શરમ અને નિરાશાજનક સ્થિતિ ચોક્કસ હતી. જ્યારે આયોજકો શું કરવું તેની મૂંઝવણમાં હતા, ત્યારે ઈસુની માતા મરિયમે ચાકરોને કહ્યું કે ઈસુ તેઓને જેમ કરવા કહે તે પ્રમાણે તેઓએ કરવું. ઈસુએ તેઓને કુંડમાં પાણી ભરવા અને તેને મહેમાનોને પીરસવા સૂચના આપી. ચમત્કારિક રીતે પાણી દ્રાક્ષારસ બની ગયો અને જમણવારમાં આવેલા દરેકને માટે પૂરતો થઈ રહ્યો (યોહાન 2:1-11). પૂરું પાડવાનો બીજો ચમત્કારિક કિસ્સો! ઈશ્વરની સલાહને સાંભળવી અને તેઓ જે પ્રમાણે કરવા કહે છે તેમ કરવાથી આશાવિહીન સ્થિતિ અવશ્ય બદલાઈ શકે છે.

## આશાવિહીન રાત્રી પછીની સવાર

પ્રભુ ઈસુએ જે ધંધાકીય ચમત્કાર કર્યો તે લૂકના 5માં અધ્યાયમાં નોંધવામાં આવ્યો છે. પિતર તેના "ધંધાકીય ભાગીદારો", યાકુબ, યોહાન અને આંદ્રિયા, માછલાં પકડવાનો ધંધો કરતાં હતા. તેઓ માછલાં પકડનાર હતા. એકવાર, તેઓએ આખી રાત માછલાં પકડવા માટે ખૂબ મહેનત કરી પરંતુ એકપણ માછલી પકડી શક્યા નહીં. બીજી સવારે તેઓ નિરાશ થઈને પરત ફર્યા, જ્યાં ઈસુ તેઓને મળે છે. ઈસુ તેઓને વિનંતી કરે છે કે તેઓની હોડીનો તે ઉપયોગ કરે કે જેથી લોકોનું ટોળું ઈસુનો બોધ સાંભળવા માટે રાહ જોઈ રહ્યું હતું તેઓને બોધ કરી શકે. ઈસુએ લોકોને બોધ કર્યા પછી, પિતરને ફરીથી એકવાર મોટી માત્રામાં માછલાં પકડવા સારું સમુદ્રમાં જઈને તેઓની જાળ નાંખવા કહ્યું. પિતરે પ્રત્યુત્તર આપ્યો કે, *"સ્વામી, અમે આખી રાત મહેનત કરી, પણ કશું પકડયું નહીં; તોપણ*

*તમારા કહેવાથી હું જાળો નાંખીશ."* (લૂક 5:5) પિતર જાણતો હતો કે તેના પોતાના પ્રયત્નોથી કોઈ પરિણામ મળ્યું ન હતું. અને છતાં, ઈસુએ જે કહ્યું તે પ્રમાણે તે કરવા માંગતો હતો.

પ્રભુનો એક જ શબ્દ નિરાશાજનક પરિસ્થિતિને સંપૂર્ણપણે બદલી નાંખે છે. પ્રભુ ઈસુએ જે કહ્યું તે પ્રમાણેનું સ્પષ્ટ આજ્ઞાપાલન પિતરને "આર્થિક ચમત્કાર" લાવે છે.

## ઈઝરાયેલ દેશ

યહૂદી લોકોને આખા જગતમાં અસ્તવ્યસ્ત અને વેરવિખેર કરી નાંખવામાં આવ્યા. નિરાશા અને હતાશાની ભાવનાએ યહૂદી લોકોને કસીને જકડી લીધા હતા. હઝકિયેલ પ્રબોધકના પુસ્તકનાં 37માં અધ્યાયમાં, યહૂદી લોકોની સ્થિતિનું વર્ણન કરવા માટે ઈશ્વરે હઝકિયેલને સુકા હાડકાંથી ભરેલી ખીણ બતાવે છે. *"હે મનુષ્ય પુત્ર, આ હાડકાં તે ઇઝરાયલનું આખું કુળ છે; અમારી આશા નાશ પામી છે, અમે તદ્દન નાબૂદ થઈ ગયા છીએ"* (હઝકિયેલ 37:11).

ત્યારબાદ ઈશ્વર હઝકિયેલને આજ્ઞા કરે છે તે સૂકાં હાડકાંને પ્રબોધ કરે. *"એ માટે પ્રબોધ કરીને તેમને કહે, પ્રભુ યહોવા કહે છે કે, હે મારા લોકો, જુઓ, હું તમારી કબરો ઉઘાડીશ, ને તમને તમારી કબરોમાથી ઉઠાડીને બહાર લાવીશ; અને હું તમને ઇઝરાયલના દેશમાં પાછા લાવીશ"* (હઝકિયેલ 37:12). પ્રબોધકની વાણી મારફતે, ઈશ્વર ઇઝરાયલ લોકોના પુનર્ગઠનની અને ઇઝરાયેલ દેશની પુનઃસ્થાપનાની ભવિષ્યવાણી કરે છે. ઈશ્વરે પોતાનું વચન પૂર્ણ કર્યું અને 1948, મે મહિનાની 14મી તારીખે ઈઝરાયેલ દેશ જાહેર કરવામાં આવ્યો. સમગ્ર જગતમાથી યહૂદી લોકો પોતાનાં વતનના દેશમાં પાછા ફરવા લાગ્યા.

તેથી કરીને, આપણે જેને નિરાશાજનક પરિસ્થિતી તરીકે નિહાળીએ છીએ તેને ઈશ્વર બદલી નાંખી શકે છે. પરિસ્થિતિને બદલી નાંખીને, "કબરો ઉઘાડી નાંખીને", અને "સૂકાં હાડકાં"ને

જીવંત કરવા ઈશ્વર ઈચ્છા રાખે છે અને તેમ કરી પણ શકે છે. ઈશ્વર માટે કશું જ આશાવિહીન નથી.

## ઇબ્રાહિમ અને સારા

જ્યારે ઈશ્વરે ઇબ્રાહિમ અને સારાને પુત્ર આપવાનું વચન આપ્યું ત્યારે તેઓ ઉંમરમાં પૂરેપૂરા વયોવૃદ્ધ થઈ ચૂક્યાં હતાં. ઈશ્વર તેઓને પુત્ર પ્રાપ્તિનું વચન આપે છે અને કહે છે કે આ પુત્ર થકી તેઓનાં સંતાન આકાશના તારાઓ અને સમુદ્રની રેતીના કણની માફક સંખ્યામાં અગણિત થશે. આટલાં વર્ષોમાં અને આવી વયોવૃદ્ધ અને પાકટ વયે કોઈ સંતાન થયું ન હોવાથી જ્યારે સંતાન પ્રાપ્તિનું ઈશ્વરનું આ વચન તેઓની પાસે આવ્યું ત્યારે તેઓ બંને તદ્દન આશાવિહીન પરિસ્થિતિમાં હતાં. ઇબ્રાહિમની ઉંમર ૯૯ વર્ષની હતી અને સારાની કૂંખ સુકાઈ ગઈ હતી—આશાવિહીન પરિસ્થિતી.

આ સ્થિતિ અંગે બાઇબલ જણાવે છે

**રોમનોને પત્ર 4:17,18**

**17 ઈશ્વર જે મુએલાંઓને સજીવન કરનાર છે, અને જે નથી તે જાણે કે હોય એવું પ્રગટ કરનાર છે, અને જેમના પર ઇબ્રાહિમે વિશ્વાસ કર્યો, તેમની આગળ તે આપણાં સર્વનો પૂર્વજ છે (જેમ લખેલું છે કે, "મેં તને ઘણી પ્રજાઓનો પૂર્વજ બનાવ્યો છે" તેમ.)**

**18 તેણે આશાનું સ્થાન ન છતાં આશાથી વિશ્વાસ રાખ્યો કે, આપેલા વચન પ્રમાણે 'તારો વંશ એવો થશે,' તે પ્રમાણે તે ઘણી પ્રજાઓનો પૂર્વજ થયો.**

અનુસરણ માટે કેટલો ઉત્તમ નમૂનો! ઇબ્રાહિમે, *"આશાની વિરુદ્ધ આશામાં વિશ્વાસ કર્યો."* જ્યારે આશા રાખવાનું કોઈ કારણ જ ન હતું ત્યારે, ઇબ્રાહિમે ઈશ્વરના કહ્યા પ્રમાણે આશામાં વિશ્વાસ રાખ્યો. અને કારણ કે તેણે આશામાં વિશ્વાસ કર્યો તેથી, *"તે ઘણી પ્રજાઓનો... વચન પ્રમાણે બન્યો."*

જ્યારે ઈશ્વર તમને કોઈ વચન આપે છે ત્યારે, ક્યારેય એવું ન કહેશો કે, "પ્રભુ, આ વચન તો મૂર્ખતાભર્યું છે." ઈશ્વરનું વચન ક્યારેય મૂર્ખતાભર્યું ન હોય શકે કારણ કે આપણાં ઈશ્વર

એ ઈશ્વર છે કે જે મરેલાને પણ જીવન આપે છે. તેથી, ભલે પરિસ્થિતી ગમે તેવી નિરાશાજનક કેમ ન હોય, પણ ઈશ્વર જ્યારે કોઈ વચન આપે, ત્યારે માત્ર એટલું જ યાદ રાખો આ એ  ઈશ્વર છે જે તમને વચન આપી રહ્યા છે, તેઓ મરેલાને પણ જીવન આપવા અને ગમે તેવી નિરાશાજનક પરિસ્થિતિને બદલી નાંખવા માટે સમર્થ છે. ઈશ્વર માત્ર પરિસ્થિતિને સુગમ બનાવી શકે છે તેટલું જ નહીં, પરંતુ પરિસ્થિતિને સંપૂર્ણપણે બદલી નાંખી શકે છે! જે બાબતોનું રાખવાનું અસ્તિત્વમાં જ નથી હોતું તેવી બાબતોને પણ ઈશ્વર અસ્તિત્વમાં લાવી શકે છે. અત્યારે તમારા ઘરમાં કદાચ શાંતિ અસ્તિત્વમાં નહીં હોય, પરંતુ ઈશ્વર તેને અસ્તિત્વમાં લાવી શકે છે. કદાચ તમારા શરીરમાં સાજાપણું અસ્તિત્વમાં ના હોય, પરંતુ ઈશ્વર તેને પણ અસ્તિત્વમાં લાવી શકે છે. કદાચ તમારા ઘરમાં, નોકરીમાં, વ્યવસાયમાં કે કારકિર્દીમાં સફળતા અસ્તિત્વમાં જ નહીં હોય, પરંતુ ઈશ્વર તેને પણ અસ્તિત્વમાં લાવી શકે છે.

# 5
# આશાવિહીન પરિસ્થિતિમાં આશા રાખવાનો આધાર

આશાવિહીન પરિસ્થિતિમાં આશા રાખવા માટેનો આધાર શું છે? શું તે માત્ર કલ્પના જ  છે? શું તે માત્ર મનનો ભ્રમ છે? શું તે હકારાત્મક બની રહેવાનો કેસ છે? શું તે સકારાત્મક બનવાનો અને સકારાત્મક બની રહેવાનો માનવતાવાદી અભિગમ છે? અતિ મુશ્કેલ સંજોગોમાં પણ આપણે આશા રાખી શકીએ છીએ એનું કારણ ઈશ્વર અને તેમનું વચન છે.

**રોમનોને પત્ર 4:18**
**તેણે આશાનું સ્થાન ન છતાં આશાથી વિશ્વાસ રાખ્યો કે, આપેલા વચન પ્રમાણે 'તારો વંશ એવો થશે,'તે પ્રમાણે તે ઘણી પ્રજાઓનો પૂર્વજ થયો.**

વિશ્વાસ કરવાનું કોઈ કારણ ન હતું તેવી સ્થિતિમાં, ઈશ્વરના વચન મુજબ ઇબ્રાહિમે વિશ્વાસ કર્યો. જ્યારે પરિસ્થિતી તદ્દન આશાવિહીન હતી, ત્યારે ઇબ્રાહીમ વિશ્વાસ કરે છે. શા માટે? કેમ કે ઈશ્વર બોલ્યા હતા! *"જે મુજબ કહેવામા આવ્યું હતું"* તે પ્રમાણે તેણે આશામાં વિશ્વાસ કર્યો. ઈશ્વરના શબ્દો ઇબ્રાહિમની આશાનો આધાર હતા. ઈશ્વરે વચન આપ્યું હતું અને તેથી આશાવિહીન પરિસ્થિતિમાં પણ આશાની વિરુદ્ધ ઇબ્રાહિમે વિશ્વાસ કરવાનું પસંદ કર્યું.

## આપણને જે આશા છે તેનો આધાર ઈશ્વર અને ઈશ્વરના શબ્દ છે

**ગીતશાસ્ત્ર 38:15**
**કેમ કે, હે યહોવા, હું તમારા પર આશા રાખું છું, હે પ્રભુ, મારા ઈશ્વર, તમે ઉત્તર આપશો.**

**ગીતશાસ્ત્ર 130:5**
**હું યહોવાની રાહ જોઉ છું, મારો આત્મા રાહ જુએ છે, અને તેમના વચનની હું આશા રાખું છું.**

**રોમનોને પત્ર 15:4**
**કેમ કે જેટલું અગાઉ લખવામાં આવ્યું હતું, તે આપણને શિખામણ [મળવા]ને માટે લખવામાં આવ્યું હતું કે, ધીરજથી તથા પવિત્ર શાસ્ત્રમાંના દિલાસાથી આપણે આશા રાખીએ.**

આપણી આશા માટે ઈશ્વર જ કારણ, સ્રોત અને સામર્થ્ય છે. ઈશ્વરનો શબ્દ આપણી આશાનો આધાર છે. આપણે આશા રાખી જાણીએ છીએ કારણ કે શાસ્ત્રના વચનો દ્વારા આપણા હ્રદયમાં ધીરજ અને દિલાસો સ્થાપિત કરવામાં આવ્યા છે.

## ભવિષ્યને માટે આશા

અત્યાર સુધી આપણે જે વાંચ્યું તેની વ્યવહારુ બાજુને નિહાળીએ. તમે જેઓ આ વાંચી રહ્યા છો તેઓ પૈકી કેટલાએક કહેશો, “મને ભવિષ્ય માટે કોઈ આશા નથી.” અથવા “મને નથી લાગતું હું આગળ સુધી જઈશ. મારા જીવનમાં હવે વધુ કઈ થઈ શકે એમ લાગતું નથી.” હું તમને જણાવવા માંગુ છું કે ઈશ્વર અને ઈશ્વરના શબ્દ થકી આપણે ભવિષ્યને માટે આશા રાખી શકીએ છીએ. ઈશ્વરના શબ્દ આ પ્રમાણે કહે છે,

**1 કરિંથીઓને પત્ર 2:9**
**પણ લખેલું છે,**
> **“જે વાનાં આંખે જોયા નથી, અને કાને સાંભળ્યા નથી,**
> **જેઓ માણસના મનમાં પ્રવેશ્યાં નથી,**
> **જે વાનાં ઈશ્વરે પોતાના પર પ્રેમ**
> **કરનારાઓને માટે તૈયાર કર્યા છે;”**

ભવિષ્યને માટે આપણી પાસે આશા છે. આપણે આશાવાદી છીએ કે ભવિષ્યમાં આપણે કેટલાક આશ્ચર્યકારક વાનાં જોવાના છીએ. કેમ? કેમ કે ઈશ્વરના શબ્દ, જે જણાવે છે કે ઈશ્વરે પોતાના પર પ્રેમ કરનારાઓને સારું તે વાનાં તૈયાર કર્યા છે.

**યર્મિયા 29:11**
**કેમ કે જે ઈરાદા હું તમારા વિષે રાખું છું તેઓને હું જાણું છું, એવું યહોવા કહે છે, એ ઈરાદા ભવિષ્યમાં તમને આશા આપવા માટે વિપત્તિને લગતા નહીં પણ શાંતિને લગતા છે.**

આ જ–ઈશ્વરના શબ્દ, આપણે માટે આશાનો આધાર છે. તેથી કરીને આપણે વધુ સારા ભવિષ્યને માટે આશા રાખી શકીએ છીએ. આપણી વર્તમાન પરિસ્થિતી આપણાં ભવિષ્યના ઠેકાણા વિષેનો સંકેત નથી. આપણને આશા છે કે આપણું ભવિષ્ય મજબૂત, સફળ અને સલામત રહેવાનુ છે કારણ કે ઈશ્વરે પોતાના શબ્દમાં આપણને વચન આપ્યું છે. એ ઈશ્વર આપણાં વર્તમાન સંજોગોને કારણે આપણને પડવા દેશે નહીં.

## સફળ બનવાની આશા

તમારામાથી કેટલાએક નકારાત્મક વિચારો ધરાવતા હશો અને તમને લાગતું હશે શું તમે જીવનમાં ક્યારેય સફળ થશો? હમણાં સુધી જે કઈ પ્રયાસો તમે કર્યા તે બધામાં નિષ્ફળ થયા છો અને હજી સુધી તમે કઈપણ હાંસલ કરી શક્યા નથી. પરંતુ ઈશ્વરના વચન જે કહે છે તેમાં તમારે વિશ્વાસ કરવો જ જોઈએ.

**ગીતશાસ્ત્ર 1:1-3**
**1 જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી,**
**જે પાપીઓના માર્ગમાં ઊભો રહેતો નથી,**
**અને જે નિંદાખોરોની સાથે બેસતો નથી, તેને ધન્ય છે!**
**2 પણ યહોવાના નિયમશાસ્ત્રથી તે હર્ષ પામે છે;**
**અને રાતદિવસ તે તેના નિયમશાસ્ત્રનું મનન કરે છે**
**3 વળી તે નદીની પાસે રોપાયેલા ઝાડના જેવો થશે,**
**જે પોતાનાં ફળ પોતાની ઋતુ પ્રમાણે આપે છે,**
**અને જેનાં પાંદડાં કદી પણ ચીમળાતાં નથી.**
**વળી જે કંઈ તે કરે છે તે સફળ થાય છે.**

ફળવંત વૃક્ષની સમાન તમારી જાતને દ્રશ્યમાન કરો. તમારી જાતને એવા વ્યક્તિ તરીકે નિહાળો કે તમે જે કાઇં કરો

છો તેમાં સફળ થાવ છો. તમારા જીવનને માટે ઈશ્વરનું આ વચન છે અને તેથી ઈશ્વર તમારે માટે જે કરી શકે છે તેને કોઈ સંજોગો છીનવી લે એવું થવા દેશો નહીં.

## તમારા સ્વપ્નને પૂર્ણ કરવા માટેની આશા

તમારામાથી કેટલાએકે પોતાના સ્વપનાઓ પૂરા થવા અંગેની આશા ગુમાવી બેઠા હશે. ઈશ્વરનું વચન કહે છે,

**ગીતશાસ્ત્ર 37:4**
**જેથી તું યહોવામાં આનંદ કરીશ; અને તે તારા હ્રદયની ઈચ્છાઓ પૂરી પાડશે.**

હું એવી પરિસ્થિતિમાં હતો કે મને લાગતું હતું કે હું મારા સ્વપનાઓ સુધી ક્યારેય પહોંચી નહીં શકું. મને યાદ છે કે જેમ હું મોટો થતો ગયો, તેમ મારુ એક સ્વપ્ન હતું કે હું બેંગ્લોર શેહરમા એક મજબૂત મંડળી સ્થાપિત કરું કે જે વિશ્વના દેશોને પ્રભાવી કરે. ઘણીબધી ઘટનાઓ ઘટી અને મેં મારી જાતને એવી પરિસ્થિતિમાં નિહાળી અને હું વિચારવા લાગ્યો કે હું ક્યારેય મારુ આ સ્વપ્ન સિદ્ધ કરી શકીશ નહીં. એવું લાગતું હતું કે સ્વપ્ન માત્ર સ્વપ્ન જ બની રહેશે. એવો આભાસ થવા લાગ્યો કે હું ક્યારેય આગળ નહીં વધી શકું. જોકે, મે મારી આશા જીવંત રાખી કારણ કે ઈશ્વરનું વચન કહે છે કે તેઓ મને *“ઉત્તમ ભવિષ્ય અને આશા”* આપશે અને ઈશ્વરે એવી બાબતો તૈયાર કરી રાખી હતી કે જે *“મારી આંખે નિહાળી નહોતી, કે મારા કાને સાંભળી નહોતી.”* ઈશ્વરના વચન એવું પણ કહે છે કે જો હું તેનામાં આનંદ કરું, તો તેઓ મારા હ્રદયની ઈચ્છાઓ પૂરી કરશે. મારી પરિસ્થિતી ખરાબથી અતિખરાબ બનવા લાગી ત્યારે પણ ઈશ્વરના વચન તો એક સમાન જ રહ્યા. મે તેઓના વચનને પકડી રાખ્યાં. ઈશ્વરના વચન મારી આશાનો આધાર બન્યાં. અને અત્યારે, હું જોઉ છે કે તે સ્વપ્ન હકીકત બન્યું છે. હાલેલૂયાહ!

## તમારા બાળકો માટે આશા

તમારામાથી કેટલાએક તમારા બાળકો અને તેમના ભવિષ્ય અંગે આશા ગુમાવી રહ્યા હશો. જોકે બની શકે કે તેઓને તમે ઈશ્વરના વચનનું શિક્ષણ આપીને યોગ્ય રીતે કેળવ્યા હશે, છતાં, અત્યારે, તેઓ જીવનના એવા તબક્કામાં હશે જ્યાં તેઓ એવી બાબતોમાં પરોવાયેલા હશે કે તમે કલ્પના પણ નહીં કરી હોય. કદાચ તેઓએ તેમનો અભ્યાસ છોડી દીધો હશે, કે કદાચ દારૂ અને ડ્રગ્સના કોઈ બંધનમાં હશે. તમારી બધી કેળવણી અને શિક્ષણ જાણે કે વ્યર્થ સાબિત થતું હોય એવું લાગતું હશે. તમે એવું વિચારતા હશો કે તેઓની પાછળના સખત મહેનતના વર્ષો જાણે કે વ્યર્થ ગયા. તમે કદાચ તેઓ માટે આશા ગુમાવી દીધાના નિષ્કર્ષ પર પહોંચ્યા હશો. હું તમને ઉત્તેજન આપવા માંગુ છું અને કહેવા માંગુ છું કે, "આશા ગુમાવશો નહીં." ઈશ્વરના વચન કહે છે કે,

**ગીતશાસ્ત્ર 112:1,2**

**1 યહોવાની સ્તુતિ કરો, જે માણસ યહોવાનો ભક્ત છે, અને તેમની અજ્ઞાઓ [પાળવા]માં બહુ ખુશ થાય છે, તેને ધન્ય છે.**
**2 તેનાં સંતાન પૃથ્વી ઉપર બળવાન થશે; યથાર્થીના વંશજો આશીર્વાદ પામશે.**

તમે ઈશ્વરને કહી શકો છો કે, "હું તમારા વચન પર આશા રાખું છું. તમારું વચન કહે છે કે મારાં સંતાન પૃથ્વી ઉપર બળવાન થશે." એનો અર્થ એ છે તમારાં સંતાન પૃથ્વી ઉપર બળવાન થનાર છે. તમારાં સંતાન ઈશ્વરના રાજ્યને માટે ચોક્કસ કઈક કરશે. તેઓ આ જગતમાં વ્યર્થ જીવન નહીં ગુજારે. તેઓ ઈશ્વરના રાજ્યને માટે કોઈક અસરકારક કામ કરશે.

**યશાયા 54:13**

**તારાં સર્વ સંતાન યહોવાનાં શિષ્ય થશે; અને તારાં છોકરાંને ઘણી શાંતિ મળશે.**

ઉપરના વચનને તમારી આશાનો આધાર બનવા દો.

આશા રાખવાનું ચાલુ રાખો. આજે કદાચ તમે જે કહી રહ્યાં છો તે પ્રત્યે તમારું બાળક ધ્યાન ન આપે. છતાં પણ તમે વચનમાં દુનિયાની આશાની વિરુદ્ધ આશા રાખી શકો છો,

## સાજાપણા માટેની આશા

તમારામાથી કેટલાએક રોગ અને બીમારીથી પીડાતાં હશો અને ડોક્ટર્સ તમને કહેતા હશે કે હવે સાજાપણાની કોઈ આશા નથી. અહીં વચન ઈશ્વર વિષે શું કહે છે,

**ગીતશાસ્ત્ર 103:3**
**તે તારાં બધાં પાપ માફ કરે છે; અને તારાં સર્વ રોગ મટાડે છે.**

આ આશા તમારે માટે છે. તમારી આશા જીવંત રાખો. બાઇબલ જે પ્રમાણે કહે તેમ તમારી જાતને સાજા અને સ્વસ્થ થયેલા દ્રશ્યમાન નિહાળો.

**નીતિવચનો 3:7,8**
**7 તું પોતાની નજરમાં જ્ઞાની ન થા; યહોવાનો ડર રાખીને દુષ્ટતાથી દૂર થા;**
**8 તેથી તારું શરીર નીરોગી થશે, અને તારાં હાડકાં બળવંત થશે.**

ઈશ્વરનો જે આદરણીય ડર તમારામાં છે તે તમારાં શરીરમાં સાજાપણું લાવશે.

# 6
# આશાવિહીન પરિસ્થિતિની મધ્યમાં મારે શું કરવું?

**રોમનોને પત્ર 4:17-21**

**17 ઈશ્વર જે મૂએલાંઓને સજીવન કરનાર છે, અને જે નથી તે જાણે કે હોય**
**એવું પ્રગટ કરનાર છે, અને જેમના પર ઇબ્રાહિમે વિશ્વાસ કર્યો, તેમની**
**આગળ તે આપણા સર્વનો પૂર્વજ છે (જેમ લખેલું છે, "મેં તને ઘણી**
**પ્રજાઓનો પૂર્વજ બનાવ્યો છે" તેમ.)**
**18 તેણે આશાનું સ્થાન ન છતાં આશાથી વિશ્વાસ રાખ્યો કે, આપેલા વચન**
**પ્રમાણે 'તારો વંશ એવો થશે,' તે પ્રમાણે તે ઘણી પ્રજાઓનો પૂર્વજ થાય.**
**19 (પોતે આશરે સો વરસનો છતાં) પોતાનું શરીર હવે તો નિર્જીવ જેવું છે,**
**અને સારાનું ગર્ભસ્થાન મરેલું છે, એ ધ્યાનમાં લીધા છતાં તે વિશ્વાસમાં**
**ડગ્યો નહિ.**
**20 હા, ઈશ્વરનું વચન ધ્યાનમાં રાખીને, તેણે અવિશ્વાસથી સંદેહ આણ્યો નહિ,**
**પણ ઈશ્વરને મહિમા આપીને,**
**21 તથા જે વચન તેમણે તેને આપ્યું હતું તે પૂરું કરવાને પણ તે સમર્થ છે,**
**એવો પૂરો ભરોસો રાખીને તે વિશ્વાસમાં દઢ રહ્યો.**

આશાવિહીન પરિસ્થિતીની મધ્યમાં આપણે શું કરીએ કે જેથી ઈશ્વર તેને બદલી શકે? ઇબ્રાહિમના જીવનમાંથી આપણે શું શીખી શકીએ? ઇબ્રાહિમે એવું તો શું કર્યું કે ઈશ્વરે તેની નિરાશાજનક પરિસ્થિતિને બદલી નાંખી? બાઇબલ જણાવે છે કે ઇબ્રાહિમે આશાની વિરુદ્ધ વિશ્વાસ કર્યો કે તેના જીવનમાં વચન મુજબ સઘળું પૂરું થશે (રોમનોને પત્ર 4:18). શું તમે વિશ્વાસ કરો છો કે ઈશ્વર જે બોલ્યા છે તે સઘળું પૂર્ણ થશે? દાખલા તરીકે, ઈશ્વરનું વચન કહે છે કે, "તું જે કઇં કરીશ તે સફળ થશે" અને તમારે તેની ઉપર વિશ્વાસ કરવાની જરૂર છે. શું તમે વિશ્વાસ કરશો?

## ઈશ્વરે જે કહ્યું છે તે પ્રમાણે તમે બનશો તે આશા સાથે વિશ્વાસ કરો

ઈશ્વર અને તેમના શબ્દ એક જ છે. ઈશ્વરના વચન પર વિશ્વાસ એટલે ઈશ્વર ઉપર વિશ્વાસ. તમારે સર્વ આશાની વિરુદ્ધ વિશ્વાસ કરવો પડશે. જેથી કરીને, જ્યારે બધું જ આશાવિહીન લાગે ત્યારે, તમારે વિશ્વાસ કરવો પડશે કે ઈશ્વરે જે કહ્યું છે એ મુજબ જ થશે. આશા ગુમાવશો નહિ.

## આશાવિહીન પરિસ્થિતીથી તમારા વિશ્વાસને જડ(નબળો) થવા દેશો નહિ

ઇબ્રાહિમ, *“પોતે  આશરે સો વરસનો છતાં) પોતાનું શરીર હવે તો નિર્જવ જેવું છે, અને સારાનું ગર્ભસ્થાન મરેલું છે, એ ધ્યાનમાં લીધા છતાં તે વિશ્વાસમાં ડગ્યો નહિ.”* (રોમનોને પત્ર 4:19) તેની ચિંતા કર્યા વગર, વિશ્વાસમાં દ્રઢ રહ્યો. તેણે પોતાના શરીર અને તેની આસપાસ જે સંજોગો હતા તેનો વિચાર કરીને પોતાના વિશ્વાસને નબળો પડવા દીધો નહિ. કોઈપણ પ્રકારની આશવિહીન પરિસ્થિતીથી તમારા વિશ્વાસને ડગવા દેશો નહિ. આજુબાજુ જોઈને અને સાંભળીને એવું કહેવા લાગશો નહિ કે, “હવે કશું સારું ન થઈ શકે.”

જો કે, એનો મતલબ એ નથી કે તમે સંજોગોને નજરઅંદાજ કરો. તમારા સંજોગોની વાસ્તવિક્તાને કારણે તમારા વિશ્વાસને ડગવા દેશો નહિ. તેને બદલે, તમે વચન મુજબનું તમારું કલ્પનાચિત્ર “કેનવાસ” ઉપર “ચિત્રો”. દાખલા તરીકે, તમારી જાતને સંપૂર્ણપણે સ્વસ્થ અને સાજા થયેલા અનુભવો, તમે જીવનમાં સફળ થયા છો તે રીતે તમારી જાતને નિહાળો, તમારું લગ્ન જીવન સ્વસ્થ અને પુનઃસ્થાપિત થયેલ છે તેવું નિહાળો અને તમારા બાળકો ઈશ્વરના ભયમાં રહીને ઈશ્વરની સેવા કરે છે તેવું જુઓ. ઈશ્વરના વચનને આધારે આવું દ્રશ્ય ઊભું કરો અને તેને વારંવાર નિહાળો!

એક રાત્રીએ, ઈશ્વર ઇબ્રાહિમને તેના તંબૂમાથી બહાર

લાવે છે અને આકાશમાં તારાઓ તરફ જોવા માટે કહે છે. અને ઈશ્વર ઇબ્રાહિમને કહે છે, *"આના જેટલાં તારા સંતાનો થશે"* (ઉત્પતિ 15:5). ત્યારપછી ઇબ્રાહિમના મનમાં ઈશ્વરના વચન સબંધી "ચિત્ર" ઊભું થયું. ઇબ્રાહિમ "જોઈ" શક્યો કે આકાશના તારાઓ જેટલાં તેના સંતાનો છે. જ્યારે જ્યારે ઇબ્રાહિમ પોતાની નબળી શારીરિક સ્થિતિને જોતો અને પોતાની પત્નીના મૃત ગર્ભાશય વિષે વિચારતો ત્યારે ત્યારે તે પોતાને આકાશના તારાઓ અને સમુદ્રની રેતીના કણ જેટલાં તેના સંતાનો થશે તેવા ઈશ્વરના વચનને યાદ કરવાનું વલણ ધરાવતો હતો.

ઘણી બધીવાર, હું હજારોની મેદનીને પ્રભુનું વચન આપી રહ્યો છું એવું ચિત્ર જોતો હતો. હું એવું દ્રશ્ય જોતો હતો કે અમારા શહેરમાં અલગ અલગ પાંચ ઠેકાણે આપણી મંડળીની ભક્તિસભાઓ ચાલે છે જેમાં દરેક ઠેકાણે હજારોની સંખ્યામાં લોકો ભાગ લે છે. તેથી રવિવારની ભક્તિસભામાં જ્યારે ખુરશીઓ ખાલી જોઉ છું ત્યારે મારો વિશ્વાસ નબળો પડતો નથી કેમ કે મારા હ્રદયમાં અમારા ધ્યેયનું દ્રશ્ય અંકાયેલું છે. અને હવે, દરેક રવિવારે, જે આશા મેં રાખી હતી તેને એક વાસ્તવિક રૂપમાં હું જોઈ રહ્યો છું. તમારી વર્તમાન પરિસ્થિતી ભલે ગમે તેવી હોય, પરંતુ તમારા હ્રદયમનમાં તમારા ધ્યેયનું દ્રશ્ય રાખો અને આશા રાખવાનું ચાલુ રાખો.

## નિશ્ચય અને ધીરજને દર્શાવો

ઇબ્રાહિમના જીવનમાંથી આપણે જે બીજી બાબતનું અવલોકન કરીએ છીએ તે એ છે કે ઇબ્રાહિમ અવિશ્વાસુ બનીએ ડગમગી ગયો નહિ (રોમનોને પત્ર 4:20). ઈશ્વરના વચન સબંધી તેણે ઠોકર ખાધી નહિ. તેણે પોતાના નિશ્ચય અને ધીરજને પ્રદર્શિત કર્યા. રોમનોને પત્ર 8:25માં કહ્યું છે કે, *"પણ આપણે જે જોતાં નથી તેની આશા જ્યારે રાખીએ છીએ, ત્યારે ધીરજથી તેની રાહ જોઈએ છીએ."* આપણામાંના ઘણા બધાં, વિવિધ બાબતોની આશા રાખીએ છીએ, તે તરત જ મળી જાય તેવું વલણ રાખીએ

છીએ. બીજી તરફ, શાસ્ત્ર આપણને સલાહ આપે છે કે જે બાબતો આપણે જોતાં નથી તેની ધીરજથી રાહ જોઈએ. સરળતાથી આશા ગુમાવશો નહિ. થોડી ધીરજથી રાહ જુઓ. પ્રેરિત પાઉલ કહે છે,

**1 થેસ્સાલોનિકીઓને પત્ર 1:3**
**કેમ કે આપણા ઈશ્વર તથા પિતાની આગળ તમારાં વિશ્વાસપૂર્વક કામ, પ્રેમપૂર્વક મહેનત તથા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર ધીરજથી રાખેલી દૃઢ આશા, અમે નિરંતર સંભારીએ છીએ.**

આશા જ ધીરજ છે! વચન પર આધારિત સાચી આશા એ જ ધીરજ છે!

**યર્મિયાનો વિલાપ 3:26**
**યહોવાના તારણની આશા રાખવી અને શાંતિથી તેમના આવવાની વાટ જોવી, એ સારું છે.**

જ્યારે તમારી પાસે સાચી આશા હોય, ત્યારે તમને ધીરજ, શાંતિ અને સંયમનો અનુભવ થાય છે. તમને ખબર છે જે તે બાબત બનવાની જ છે. તમે વ્યાકુળ થતાં નથી, પરેશાન થતાં નથી કે ઉશ્કેરાઈ જઈને તમને જે જોઈએ છે તે પ્રાપ્ત કરવા માર્ગમાં આવતા દરેકને ખદેડી મુકતા નથી. તેને બદલે, તમે શાંત થઈ જાઓ છો કેમ કે તમને ખબર છે કે તમે જે બાબત અંગે વિશ્વાસ કરો છો તે બનીને જ રહેવાની છે. તમે દ્રઢ નિશ્ચયી છો, અને તમે ધીરજથી વાટ જુઓ છો. ઈશ્વરના વચનનું સાતત્યપૂર્ણ આજ્ઞાપાલન, દ્રઢ નિશ્ચયને દર્શાવે છે. કોઈ સરળ અને ટૂંકો રસ્તો અપનાવશો નહિ. આમ કરવાથી કામ વધુ અટપટું બની જશે!

## તમારો આનંદ અકબંધ રાખો; ઈશ્વરની અભારસ્તુતિ કરો

ઇબ્રાહિમે ઈશ્વરને મહિમા આપ્યો (રોમનોને **પત્ર** 4:20). જ્યારે તમને આશા છે, ત્યારે તમને આનંદ છે. તમે આનંદ કરી શકો છો કારણ કે ઈશ્વરનું વચન જે કહે છે તે પર તમને આશા છે. એવા પ્રસંગો બને છે જ્યારે સંજોગોને કારણે તમે આનંદ કરો

છો. પરંતુ એવા પણ પ્રસંગો બને છે જ્યારે તમે આશામાં આનંદ કરો છો. જેઓને નાના બાળકો છે તેઓ જાણે છે કે જ્યારે તેઓનો જન્મદિવસ નજીક આવે ત્યારે તેઓ કેવા ઉત્સાહિત બની જાય છે! જ્યારે મારી દીકરી, રૂથ, નાની હતી ત્યારે એક અઠવાડીયા પહેલાથી જ તેનો જન્મદિવસ ઉજવવા માટે ઉત્સાહિત થઈ જતી હતી. તે "આશામાં આનંદ" કરતી હતી! તે ઉત્તેજિત થઈ જતી હતી, અને તેના જન્મદિવસની પૂર્વસંધ્યાએ કહેતી, "પપ્પા, કાલે સવારે જ્યારે હું જાગું ત્યારે તમે મને 'ગુડ મોર્નિંગ, બર્થડે ગર્લ' એવું કહેજો." હકીકત એ હતી કે જે જન્મદિવસની ઉજવણી તે આવતીકાલે કરવાની છે તેનો આનંદ તેણી "અત્યારે" માણતી હતી. આજે હજી તેનો જન્મદિવસ નથી, પણ તેણી ખુશ થતી હતી કારણ કે તેણીને આશા હતી. ખ્રિસ્તીઓ તરીકે, આપણે આશામાં આનંદ કરીએ છીએ. આપણે આનંદ કરીએ છીએ કેમ કે ઈશ્વર પરિસ્થિતિને બદલી નાંખવાના છે અને સંજોગો બદલાઈ જવાના છે. આપણે આશામાં આનંદ કરીએ છીએ.

**રોમનોને પત્ર 15:13**
**હવે ઈશ્વર કે, જેના પર તમે આશા રાખો છો, તે તમને વિશ્વાસ રાખવામાં અખંડ હર્ષ તથા શાંતિથી ભરપૂર કરો, જેથી પવિત્ર આત્માના સામર્થ્યથી તમારી આશા પુષ્કળ થાય.**

**રોમનોને પત્ર 12:12**
**આશામાં આનંદ કરો; સંકટમાં ધીરજ રાખો; પ્રાર્થનામાં લાગુ રહો;**

આપણે આશામાં બંધાયેલા રહીએ અને આશાના ઈશ્વર આપણને આનંદ અને શાંતિથી ભરપૂર કરશે. જ્યારે આપણે વિશ્વાસ કરીએ છીએ ત્યારે આનંદ અને શાંતિ આપણાં જીવનમાં આવે છે. ક્યારેક જ્યારે લાંબો સમય રાહ જોવી પડે ત્યારે લોકો ફરિયાદ કરવાનું અને ગણગણાટ કરવાનું શરૂ કરી દે છે. તેઓએ આશાને દ્રશ્યમાન કરવાની જરૂર છે. વર્તમાન સંજોગોને કારણે ઉશ્કેરાઈ જવાને બદલે, આશાનું દ્રશ્ય બનાવી રાખો. એ જાણીને અને જોઈને તમને આનંદ અને શાંતિ પ્રાપ્ત થશે કે આશાનું આ દ્રશ્ય એક દિવસ હકીકત બનવાનું છે.

**ગીતશાસ્ત્ર 42:5**
**હે મારા આત્મા, તું કેમ ઉદાસ થયો છે? અને મારામાં તું કેમ ગભરાયો છે? ઈશ્વરની આશા રાખ; કેમ કે તેમની કૃપાદષ્ટિની સહાયને માટે હું હજી તેમની સ્તુતિ કરીશ.**

**ગીતશાસ્ત્ર 71:14**
**પણ હું નિત્ય તમારી આશા રાખીશ, અને તમારું સ્તવન દિવસે દિવસે અધિક કરતો જઈશ.**

જ્યારે કોઈ વ્યક્તિને આશા હોય છે ત્યારે તેનામાં આનંદ અને ઈશ્વરની સ્તુતિ કરવાની સૂઝ હોય છે. જ્યારે તમે આ પુસ્તક વાંચી રહ્યાં હશો ત્યારે, કદાચ તમે કોઈ આશાવિહીન પરિસ્થિતિમાં હશો અને કહેતા હશો, “હું કેવી રીતે આનંદ કરી શકું?”બાઇબલ કહે છે, “આશામાં આનંદ કરો!” આપણે કેવી રીતે ઈશ્વરની સ્તુતિ કરી શકીએ? આપણને જે આશા છે તેને કારણે આપણે ઈશ્વરની સ્તુતિ કરી શકીએ છીએ. આજે દિવસો ખરાબ હોય શકે. આજે સંજોગો અઘરા લાગતાં હોય. તેમ છતાં તમે ઈશ્વરની સ્તુતિ કરી શકો છો કેમ કે તમે જાણો છો કે આ સ્થિતિ અને સંજોગો હમેંશાને માટે રહેવાના નથી. બાઇબલના ઈશ્વર તો એવા ઈશ્વર છે જે પરિસ્થિતી અને સંજોગોને બદલી નાંખે છે. અને તે ઈશ્વર તમારે માટે પણ તેમ કરશે. તમારી આશાને જીવંત રાખો. આશામાં વિશ્વાસ કરો.

અહીં એક ગીત રજૂ કરું કરું છું જે અમે હંમેશા ગાઈએ છીએ. આ ગીતના શબ્દો ખૂબ જ ઉત્તેજનદાયક છે.

## ઈશ્વરની સ્તુતિ કરો

શબ્દ અને સંગીત: બ્રાઉન બેનિસ્ટર અને માઇક હડસન

**શ્લોક 1**

જ્યારે તમે સંઘર્ષમાં છો
જે તમારા સપનાઓને વિખેરી નાંખે છે
અને શેતાનના પ્રગટ કાવતરાઓથી
તમારી આશા નિર્દયતાથી કચડાઈ રહી છે
અને જગતમાના ડરથી
તમારો આત્મા કળકળી રહ્યો છે
તમારો વિશ્વાસ અદ્રશ્ય થઈ રહ્યો હોય તેવું લાગે છે
પરંતુ તેને ડગમગવા દેશો નહીં.

**ટેક**

ઈશ્વરની સ્તુતિ કરો
જેઓ તેની સ્તુતિ કરે છે તેઓને માટે ઈશ્વર કાર્ય કરે છે,
કેમ કે આપણાં ઈશ્વર આરાધનામાં વાસ કરે છે
ઈશ્વરની સ્તુતિ કરો
સાંકળોથી બંધાયેલા હોય તેવું લાગે ત્યારે
ઈશ્વરની સ્તુતિ કરવાથી તમને
યાદ રહેશે કે સર્વ બંધનો તોડી નાંખી શકે છે.

**શ્લોક 2**

હવે શેતાન તો જુઠો છે
અને તે આપણને વિચારવા મજબૂર કરે છે
કે આપણે લાચાર છીએ
પણ જ્યારે શેતાન જાણી જાય છે કે
આપણે તો રાજાના વારસ છીએ
તેથી વિશ્વાસની ઢાલ ધરી દઇશું
અને યુદ્ધ જીતી લેવામાં આવે છે
આપણે જાણીએ છીએ કે ઈસુ ખ્રિસ્ત ઉઠ્યા છે
તેથી આપણું તમામ કામ સંપન્ન થયું છે.

**(અંગ્રેજીમાંથી અનુવાદ કરેલ)**

© ઇંપિરિયલના આલ્બમ 'હિડ ધ કોલ' જે 1979 માં પ્રકાશિત થયું તેમાથી સાભાર

કદાચ તમે આ પુસ્તક વાંચતી વખતે કહેતા હશો, “હું તદ્દન આશાવિહીન પરિસ્થિતિમાં છું.” બની શકે કે એ તમારા લગ્નજીવન સબંધી હોય, કુટુંબ અંગે હોય, બાળકો, નાણાકીય બાબતો, નોકરી કે વ્યવસાય અંગે હોય, જીવનમાં ઘણી બાબતો અંગે નિરાશાજનક સ્થિતિ હોય શકે. આપણે દરેક આ પ્રકારની સ્થિતિનો સામનો કરીએ છીએ. હું તમને ઉત્તેજન આપવા માંગુ છું–**આશા ગુમાવશો નહીં**. આશા ન ગુમાવવી ખૂબ જ મહત્વનુ છે. જ્યારે તમે આશા ગુમાવો છો, ત્યારે તમે લંગર વિનાના જહાજ જેવા બની જાઓ છો. ડૂબી જવાનું જોખમ ઊભું થાય છે. જ્યારે તમે આશા ગુમાવો છો ત્યારે વિશ્વાસની કસરત કરવાનું મુશ્કેલ બની જાય છે કેમ કે આશા વિના વિશ્વાસ શક્ય નથી.

ઈશ્વર ઉપર અને ઈશ્વરના વચન પર આશા રાખો. તમારા જીવન સબંધી ઈશ્વરે જે કહ્યું છે તેને ફરી એકવાર યાદ કરો. તમારા લગ્નજીવન અને ઘરકુટુંબ અંગે ઈશ્વરની ખાતરી શું છે? તમને જે ખાતરી આપવામાં આવી છે તેને વળગી રહો. ઈશ્વરના વચનને તમારી આશાનું કારણ બનવા દો. કેમ કે ઈશ્વરે એ કહ્યું છે, તેથી તમારે આશા રાખવી જ રહી કે સંજોગો નક્કી બદલાશે. જ્યારે ઈશ્વરની ખાતરીની પરિપૂર્ણતા થશે ત્યારે કેવું અદભૂત દ્રશ્ય હશે તેને તમારા અંતરમનમાં નિહાળો. આ બાબત તમને આશા જીવંત રાખવામા મદદ કરશે.

*“હવે જે આપણામાં કાર્ય કરનાર સામર્થ્ય પ્રમાણે આપણે માંગીએ કે કલ્પીએ તે કરતાં, આપણે સારું પુષ્કળ કરી શકે છે”* (એફેસીઓને પત્ર 3:20), તે ઈશ્વર છે.

# શું તમે જાણો છો કે ઈશ્વર તમને પ્રેમ કરે છે?

આશરે 2000 વર્ષ અગાઉ, ઈશ્વર આ જગતમાં માનવ તરીકે આવ્યા. તેમનું નામ ઇસુ છે. તેઓ સંપૂર્ણપણે પાપરહિત જીવન જીવ્યા. જે રીતે ઇસુ દૈહિક રીતે ઈશ્વર હતા, તેથી તેમણે જે કહ્યું અને કર્યું તે આપણી સમક્ષ ઈશ્વરને પ્રગટ કરે છે. તેઓ જે શબ્દો બોલ્યા તે સાચે જ ઈશ્વરના શબ્દો હતા. તેઓએ જે બાબતો કરી તે દરેક ઈશ્વરના કાર્યો હતા. ઇસુએ પૃથ્વી પર ઘણાં ચમત્કારો કર્યા. તેમણે માંદાઓ અને દુ:ખીઓને સાજા કર્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓના કાન ખોલી નાખ્યા, લંગડાઓને ચાલતા કર્યા અને દરેક પ્રકારની બીમારીઓ અને રોગ મટાડ્યા. તેમણે ચમત્કારિક રીતે થોડી રોટલીને અનેકઘણી કરીને ભુખ્યાઓને ખવડાવ્યું, તોફાનને શાંત કર્યું અને બીજી ઘણી અદ્દભુત બાબતો કરી.

**આ દરેક કાર્યો આપણને દર્શાવે છે ઈશ્વર ભલા ઈશ્વર છે જે ચાહે છે કે બધા જ લોકો સારું, સંપૂર્ણ, તંદુરસ્ત અને સુખી જીવન જીવે. ઈશ્વર ચાહે છે કે બધા જ લોકોની જરૂરિયાતો પૂરી પડાય.**

તો શા માટે ઈશ્વરે માનવ બનીને આ જગતમાં આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આવ્યા?

આપણે દરેકે પાપ કર્યું છે અને ઈશ્વર કે જેણે આપણું સૃજન કર્યું તેની સમક્ષ અસ્વીકાર્ય કાર્યો કર્યા છે. પાપના પરિણામો નક્કી જ છે. પાપ એ આપણી અને ઈશ્વરની વચ્ચે અભેદ દીવાલ સમાન છે. પાપ આપણને ઈશ્વરથી જુદા કરે છે અને જેમણે આપણું સર્જન કર્યું છે તેવા ઈશ્વરને પારખવાથી અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. અને તેથી ઘણાં લોકો આ ખાલી જગ્યાને અન્ય બાબતોથી ભરવા માટે પ્રયાસ કરે છે.

આપણાં પાપનું અન્ય એક પરિણામ ઈશ્વરથી અનંતકાળીક વિચ્છેદ છે. ઈશ્વરના ન્યાયાલયમાં, પાપની સજા મૃત્યુદંડ છે. મૃત્યુ-સદાને માટે નરકમાં ઈશ્વરથી વિચ્છેદ છે.

પરંતુ સુસમાચાર એ છે કે આપણે પાપથી છુટકારો મેળવી શકીએ છીએ અને ઈશ્વરમાં પુન: સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે કે, ***“કેમ કે પાપનો મુસારો મરણ છે, પરંતુ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં દેવનું***

*કૃપાદાન અનંતજીવન છે"* **(રોમનને પત્ર 6:23).** જ્યારે ઇસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર જગતના પાપોને સારું ખંડણી ભરી દીધી છે. ત્યારબાદ ત્રણ દિવસ પછી તેઓ સજીવન થયા, ઘણાઓને પોતે જીવંત છે તે બતાવ્યુ અને ત્યાર પછી પાછા સ્વર્ગમાં જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને દયા કરવામાં ભલા છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈપણ વ્યક્તિ નરકમાં જાય. અને તેથી, તેઓ સમગ્ર માનવજાતને પાપથી છુટકારો પામવાનો રસ્તો અને એના અનંતકાળીક પરિણામો બતાવવા આવ્યા. તેઓ પાપીઓને બચાવવાને—તમારા અને મારા જેવા લોકોને પાપથી છોડાવવા અને અનંતકળીક મૃત્યુથી બચાવવા આવ્યા.

પાપોની આ મફત માફી મેળવવા માટે, બાઇબલ આપણને કહે છે કે આપણે કેવળ એક જ કામ કરવાનું છે—પ્રભુ ઇસુએ વધસ્તંભ જે કાર્ય કર્યું તેને સ્વીકારી લેવું અને તેમના પર પૂરા હ્રદયથી વિશ્વાસ કરવો.

*"... જે કોઇ તેના ઉપર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે."* **(પ્રેરિતોના કૃત્યો 10:43).**

*"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેને મુએલામાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ તો તું તારણ પામીશ."* **(રોમનોને પત્ર 10:9).**

જો તમે પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરશો તો તમે પણ તમારા પાપની માફી અને શુદ્ધતા પામી શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુએ તમારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેના પર વિશ્વાસ કરવાનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને પ્રભુ ઇસુએ તમારે માટે જે કર્યું છે સ્વીકારવાની અભિવ્યક્તિમાં અને પાપોની માફી તથા શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે મદદરૂપ થશે. આ પ્રાર્થના માત્ર એક માર્ગદર્શિકા છે. તમે તમારા પોતાના શબ્દોમાં પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, તમે મારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેને હું આજે સમજ્યો છું. તમે મારે માટે મરણ પામ્યા. તમે તમારું મૂલ્યવાન રક્ત મારે માટે વહેવડાવ્યું અને મારા પાપોની ખંડણી ભરી કે જેથી મને મુક્તિ મળે. બાઇબલ મને કહે છે કે જે કોઈ તમારા નામ વિશ્વાસ કરે છે*

તે તેના પાપોથી છુટકારો પામે છે.

આજે, મે તમારા પર વિશ્વાસ કરવાનું અને વધસ્તંભ પર મરણ પામીને તથા મરણમાંથી સજીવન થઈને મારે જે જે કાર્ય કર્યું છે તેને સ્વીકારવાનું નક્કી કર્યું છે. હું જાણું છું કે હું મારા સારા કર્મો વડે મારી જાતને બચાવવામાં અસમર્થ છું, અને અન્ય કોઈ મનુષ્ય મને બચાવી શકતો નથી કે મારા પાપોને માટે કિંમત ચૂકવી શકતો નથી.

આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરું છું અને મારે મોઢે કબુલ કરું છું કે તમે મારે માટે મરણ પામ્યા, તમે મારા પાપોને માટે ખંડણી ચૂકવી છે, તમે મરણમાંથી સજીવન થયા છો, અને તમારા પરના વિશ્વાસ થકી, મને મારા પાપોની ક્ષમા અને શુદ્ધિકરણ પ્રાપ્ત થાય છે.

પ્રભુ ઇસુ તમારો આભાર. તમને પ્રેમ કરવામાં, તમને વધુ પારખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવા માટે મને મદદ કરો.

આમેન

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે અમારું દર્શન છે કે અમે બેંગ્લોર શહેરમાં મીઠું અને પ્રકાશ બનીએ, દેશ અને વિદેશોમાં એક અવાજ બનીએ.

ઓલ પીપલ્સ ચર્ચ એ એક **ઇસુ પ્રેમી**, **વચન કેન્દ્રિત**, **આત્માથી ભરપૂર**, કૌટુંબિક મંડળી, સજ્જતાનું કેન્દ્ર, મિશન કેન્દ્રની સેવા આધારિત અને એક વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન છે.

- **કૌટુંબિક મંડળી તરીકે**, અમે ખ્રિસ્ત કેન્દ્રિત સંગત સમાજ તરીકે, ઈશ્વરની મંડળી તરીકે એકબીજાની કાળજી લઈને અને સેવા કરીને સાથે મળીને વૃદ્ધિ પામીએ છીએ.
- **સજ્જતાના કેન્દ્ર તરીકે**, અમે દરેક વિશ્વાસી વ્યક્તિને વિજયવંત જીવન જીવવા, ખ્રિસ્તસમાન ચારિત્ર્યમાં પરિપક્વ બનવા અને તેઓના જીવનોમાં ઈશ્વરના હેતુઓ પરિપૂર્ણ કરવા માટે સક્ષમ અને સજ્જ કરીએ છીએ.
- **મિશન કેન્દ્ર તરીકે**, અમારા શહેર, દેશ અને વિદેશોને ઈશ્વરના વચનો અને પવિત્ર આત્માના અલૌકિક પ્રકટીકરણ વડે ઇસુ ખ્રિસ્તની પૂર્ણ સુવાર્તા સાથે આશીર્વાદિત કરવા અમે અર્થપૂર્ણ સેવા કરવામાં લાગેલા છીએ.
- **વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન તરીકે**, અમે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઈશ્વરના આગેવાનોને અને આત્માથી ભરપૂર મંડળીઓનું પોષણ કરીએ છીએ જે તેઓના વિસ્તારોને ઈશ્વરના રાજ્ય માટે પ્રભાવિત કરે.

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે, અમે ઈશ્વરના પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને પ્રકટીકરણમાં ઈશ્વરના વચનને કોઈપણ જાતનું સમાધાન કર્યા વિના સંપૂર્ણપણે રજૂ કરવા પ્રતિબદ્ધ છીએ. અમે માનીએ છીએ કે સારું સંગીત, રચનાત્મક રજૂઆત, નિષ્ણાત બાઇબલ જ્ઞાન, સમકાલીન સેવાકીય તકનીકો, આધુનિક તકનીકી સાધનો, અને વિગેરે, પવિત્ર આત્માના સામર્થ્યમાં ચિન્હો, ચમત્કારો, આશ્ચર્યકારક કાર્યો અને કૃપાદાનો થકી ઈશ્વર દ્વારા અભિષિક્ત વચન પ્રગટ કરવાના અભિગમનું સ્થાન લઈ શકે નહિ (1 કરિન્થિઓને પત્ર 2:4,5; હિબ્રુઓને પત્ર 2:3,4). અમારો મુદ્રાલેખ ઇસુ છે, અમારી સામગ્રી વચન છે, અમારી પદ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ધગશ લોકો છે અને અમારો ઉદ્દેશ ખ્રિસ્તસમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકની સાથે, ઓલ પીપલ્સ ચર્ચની ભારતભરમાં અન્ય ઠેકાણે પણ મંડળીઓ છે. વર્તમાન યાદી પ્રાપ્ત કરવા માટે ઓલ પીપલ્સના સેવાના કેન્દ્રોનો સંપર્ક કરવા માટે, કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/locations મુલાકાત લેશો અથવા અમને contact@apcwo.org. આ સરનામે ઇ મેઈલ પણ કરી શકો છો.

# વિનામૂલ્ય પ્રકાશનો

A Church in Revival
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change
Code of Honor
Divine Favor
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Interpreting Scripture
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don't Take Them
Open Heavens
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith
The Conquest of the Mind
The End Times
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus
The Night Seasons of Life
The Power of Commitment
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power
The Wonderful Benefits of Praying in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different
Who We Are in Christ
Women in the Workplace
Work—Its Original Design

નવા પુસ્તકો નિયમિત રીતે પકાશિત થાય છે. APC ખ્રિસ્તી પુસ્તકો PDF, ઓડિયો અને અન્ય સ્વરૂપે વિનામુલ્યે ડાઉનલોડ કરવા માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/books** ની મુલાકાત લેશો. આ પૈકીના ઘણાં પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ પ્રાપ્ય છે. વિનામુલ્યે ઓડિયો અને વિડીયો સંદેશાઓ, સંદેશાઓની નોંધ અને અન્ય સંસાધનો માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/sermons** ની મુલાકાત લેશો.

# કેરિસલિસ કાઉન્સેલિંગ

કવચયુક્ત સલાહ વ્યક્તિગત સલાહ પૂરી પાડે છે જે લોકોને જીવનના પડકારોનો સામનો કરવા અને તેની પર વિજય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. કવચયુક્ત સલાહ એક વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ અને અનુભવી ખ્રિસ્તી સલાહકારોની ટીમ છે.

અમારી સેવાઓ દરેક વયજૂથના લોકો માટે છે અને જીવનના વિવિધ પડકારોને ઉદ્દેશીને આપવામાં આવે છે.

- **કિશોરાવસ્થા**
- **વ્યક્તિગત અનુકૂળતા**
- **સંબધોમાં પડકારો**
- **શૈક્ષણિક ઓછી સિદ્ધિ**
- **કામ સંબંધિત સમસ્યાઓ**
- **કુટુંબ / દંપતિ: લગ્ન પહેલા/ લગ્ન પછી**
- **માતા-પિતા / બાળકો / ભાઈ-બહેન/ સહકર્મી**
- **વર્તણૂક સબંધી વિકૃતિઓ**
- **વ્યક્તિત્વ સબંધી વિકૃતિઓ**
- **મનોવૈજ્ઞાનિક / ભાવનાત્મક પ્રશ્નો**
- **તણાવ / પ્રતિશોધ**
- **દારુ / માદક પદાર્થ અપરાધ**
- **આધ્યાત્મિક સમસ્યાઓ**
- **જીવન માર્ગદર્શન**

કવચયુક્ત સલાહની ફી વ્યાજબી છે અને અમારા કોઈપણ તાલિમબદ્ધ સલાહકાર સાથે અગાઉથી મુલાકાત નક્કી કરીને મેળવી શકાય છે.

**વેબસાઇટ** : **chrysalislife.org**
**ફોન:** +91-80-25452617 અથવા ટોલ ફ્રી (સંપૂર્ણ ભારતમાંથી) 1-800-300-00998
**ઈમેલ: counselor@chrysalislife.org**

કવચયુક્ત સલાહ કેન્દ્ર ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચની એક સેવા છે.

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ એક સ્થાનિક મંડળી તરીકેની પોતાની સીમાઓની બહાર જઈને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, ખાસ રીતે (1) આગેવાનોનું સશક્તિકરણ, (2) સેવાને માટે યુવાનોને સજ્જ કરવા, (3) ખ્રિસ્તના શરીર (મંડળી)નું બાંધકામ, સાથે ધ્યાન કેન્દ્રિત કરીને પોતાની સેવાઓ આપે છે. વર્ષ દરમ્યાન 'ખ્રિસ્તી આગેવાનો માટેની પરિષદ' અને યુવાનોની તાલીમ માટેના સંખ્યાબંધ સેમિનાર રાખવામાં આવે છે. વધુમાં, વિશ્વાસીઓને વચન અને આત્મામાં સજ્જ કરવાના હેતુસર હજારોની સંખ્યામાં અંગ્રેજી અને અન્ય ભારતીય ભાષાઓમાં વિવિધ પ્રકાશનોની નકલોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

અમે આપને એકવારના કે માસિક નાણાકીય દાનો માટે સહભાગીદારી કરવા આમંત્રણ આપીએ છીએ. સમગ્ર ભારતમાંથી આપનું કોઈપણ દાન જે આપ અમને સહાયરૂપ થવાના હેતુસર મોકલો છો તેની અમે પુષ્કળ કદર કરીએ છીએ.

આપ આપના દાનો અમને અમારી ઓફિસના સરનામે “ઓલ પીપલ્સ ચર્ચ”ની તરફેણમાં ચેક/બેન્ક ડ્રાફ્ટ સ્વરૂપે મોકલી શકો છો. અથવા તો, આપ આપના દાનો અમારા બેન્ક ખાતામાં સીધા જમા કરાવીને પણ આપી શકો છો. નીચે અમારા બેન્ક ખાતાની વિગતો આપેલી છે.

**અકાઉન્ટ નમ્બર**: All Peoples Church
**અકાઉન્ટ નમ્બર**: 50200068829058
**IFSC કોડ**: HDFC0004367
**બેંક**: HDFC Bank, 7M/308 80 Ft Rd, HRBR Layout, Kalyan Nagar, Bengaluru, Karnataka - 560043

***કૃપા કરીને નોંધ લેશો:*** *ઓલ પીપલ્સ ચર્ચ માત્ર ભારત ખાતેની બેન્કોના બેન્ક ખાતા દ્વારા નાણાકીય સહયોગ સ્વીકારી શકે છે. આપનો નાણાકીય સહયોગ આપતી વખતે જો આપ ઈચ્છો તો, અમારી કઈ ચોક્કસ સેવા માટે આપના સહયોગનો ઉપયોગ થાય તે આપ દર્શાવી શકો છો. વધુ માહિતી માટે કૃપા કરી અમારી વેબસાઇટ* **apcwo.org/give** *ની મુલાકાત લેશો.*

અને હા, કૃપા કરી અમારી સેવાઓ માટે જ્યારે પણ આપને અનુકૂળ હોય ત્યારે અવશ્ય પ્રાર્થના કરશો.

**તમારો આભાર અને ઈશ્વર તમને આશિર્વાદ આપે!**


## DOWNLOAD THE FREE APP!

*Search for*

"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play







*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# निःशुल्क ऐप डाउनलोड करें:

**ऐप स्टोर या प्ले स्टोर में खोजें**
**“ऑल पीपुल्स चर्च (APCWO)”/**
**All Peoples Church Hindi**

Available on the App Store

ANDROID APP ON Google Play




*विश्वास को मजबूत करने और सुसमाचार साझा करने के लिए विभिन्न विषयों पर आधारित वचनों के टूलकिट।*
*उपदेशों, टीवी कार्यक्रमों, पुस्तकों, संगीत और बहुत कुछ से भरे संसाधन।*
*अगर आपको यह पसंद आए, तो*
***दूसरों को भी इसके बारे में बताएं!***

# ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ

**apcbiblecollege.org**

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને સેવાકીય પ્રશિક્ષણ કેન્દ્ર, બેંગલોર, ઈંડિયા, એક આત્માથી ભરપૂર, અભિષિક્ત, પ્રશિક્ષણની સાથે અનુભવ અને ઈશ્વરના વચનોને એક સૈદ્ધાંતિક રીતે શીખવામાં અને પવિત્ર આત્માના અલૌકિક સામર્થ્યમાં સેવા કરવામાટે શિક્ષણ આપે છે. અમે વ્યક્તિને સંપૂર્ણ રીતે સેવા કરવામાટે તેના વિકાસમાં એક દૈવીય ચરિત્ર, ઈશ્વરના વચનમાં ઊંડાણપૂર્વક સમજ અને ઇશ્વરી શક્તિદ્વારા તેના અજાયબ પરાક્રમો અને ચમત્કારોના પ્રદર્શનથી દરકે બાબતો ઈશ્વરસાથેના સંબદ્ધમાં ઘનિષ્ઠતા કેળવવામાં મદદરૂપ થઈએ છીએ.

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ (APC-BC) માં, એક સૈદ્ધાંતિક શિક્ષણની સાથે અમે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવો અને પવિત્ર આત્માના અભિષેક અને હાજરીનો અનુભવ અને ઈશ્વરના દૈવીય કાર્ય ઉપર ભાર મૂકીએ છીએ. ઘણા બધા જુવાનો અહીં પ્રશિક્ષણ પ્રાપ્ત કરીને ઈશ્વરના દર્શનને તેમના જીવનમાં પૂરું કરવાને માટે તૈયાર થયા છે.

અમે ત્રણ કાર્યક્રમ ચલાવીએ છીએ.

- એક વર્ષ માટે સર્ટિફિકેટ ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (C.Th.)
- બે વર્ષ માટે ડિપ્લોમા ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (Dip.Th.)
- ત્રણ વર્ષ માટે બેચલર ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (B.Th.)

ક્લાસ દર અઠવાડિયે લેવામાં આવે છે. **સોમવારથી શુક્રવાર સવારે 9:00 થી બપોરે 12:00 સુધી, ભારતીય સમય અનુસાર (UTC+5:30).** અમે ત્રણ રીતે પ્રશિક્ષણ માટેના પર્યાય આપીએ છીએ.

- **ઓન કેમ્પસ**: વ્યક્તિગત તમે કોલેજમાં આવીને હાજરી આપો
- **ઓનલાઇન**: ઓનલાઇન દ્વારા તમે ક્લાસમાં હાજરી આપો
- **ઇ–લર્નિંગ**: પોતાની રીતે અમારી વેબસાઇટ ઉપરથી તમે શિક્ષા પ્રાપ્ત કરો. apcbiblecollege.org/elearn

**ઓનલાઇન અરજી** કરવા માટે અને વધુ માહિતી જેમ કે કોલેજ, અભ્યાસક્રમ, પાત્રતા, પ્રશિક્ષણની ફી અને અરજી કરવામાટેના ફોર્મને ડાઉનલોડ કરવામાટે apcbiblecollege.org ની મુલાકાત લો.

આપણા જીવનો, ક્યારેક, અણધાર્યા વળાંક લે છે અચાનક આપણે આપણી જાતને તોફાનોની મધ્યમાં જોઈએ છીએ. આપણે દરેક જીવનયાત્રા દરમિયાન પડકારો અને સંઘર્ષોમાંથી પસાર થવું પડે છે ક્યારેક આપણે આપણી જાતને રસ્તાના અંતમાં જોઈએ છીએ જ્યાં આપણે કઈ તરફ જવું તે સમજાતું નથી.

તમે કદાચ અત્યારે–તમારી નોકરીમાં, કારકિર્દીમાં, અભ્યાસમાં, ઘરમાં, લગ્નજીવનમાં કે કુટુંબમાં આવી જ કોઈ આશાવિહીન પરિસ્થિતીમાં હશો. હું તમને ઉત્તેજન આપવા માંગુ છું કે બાઇબલના ઈશ્વર- જ્યારે પરિસ્થિતી અને સંજોગો મૃતપાય અને નિરાશાજનક હોય ત્યારે મરેલાને જીવન આપવામાં નિષ્ણાંત છે. તેઓ આશાવિહીન પરિસ્થિતિને બદલી નાંખવામાં નિષ્ણાંત છે, જ્યારે આ ઈશ્વર તમારે પક્ષે હોય છે ત્યારે જ્યાં બિલકુલ આશા ન દેખાય ત્યારે પણ તમે આશા રાખી શકો છો.

જ્યારે બધું જ આશાવિહીન દેખાય ત્યારે પણ તમે વિજયી બની શકો છો. આ પુસ્તક ઉત્તેજનના સરળ શબ્દો પૂરા પાડે છે અને આપણે આશા ન ગુમાવીએ તે માટે પ્રોત્સાહન આપે છે. ઈશ્વર અને તેમના શબ્દો ઉપર આશા રાખો. તમારા જીવન વિષે ઈશ્વર જે કહ્યું છે તેને યાદ કરો. **આશા ગુમાવશો નહીં!**

All Peoples Church & World Outreach
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org